# પોલીસ કમિશનરની કચેરી, શાહીબાગ, અમદાવાદ શહેર

ફોન નં- ૦૭૯-૨૫૬૨૦૦૫૩, email: lb-cp-ahd@gujarat.gov.in


ક્રમાંક : ૪/૬૫૬/નવરાત્રિ/૩૫૮૭/૨૦૨૬ તા:૦૬/૧૦/૨૦૨૬

**વિષય: "નવરાત્રિ" મહોત્સવ આયોજન માટે પરવાનગી બાબત.**

**યાદી:-**

નવરાત્રિ મહોત્સવ દરમ્યાન શેરીઓ / સોસાયટીઓ/કલબ અને પાર્ટી પ્લોટમાં રાસ-ગરબાના કાર્યક્રમો ઉજવવા માટે પરવાનગી માંગવામાં આવે છે. આગામી **તા.૧૧/૧૦/૨૦૨૬ થી તા.૨૦/૧૦/૨૦૨૬** સુધી નવરાત્રી મહોત્સવ તથા દશેરાના તહેવાર પુરતાં ટિકિટ/પાસ વગરના તેમજ પાર્ટી પ્લોટ/કલબો/નાટ્ય ગૃહો સિવાયના કાર્યક્રમો માટે લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી આપવા અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના તમામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રીનાઓને આથી અધિકૃત કરવામાં આવે છે.

**(૧)** ગરબાના કાર્યક્રમની જગ્યાઓએ (૧) લોકોની સલામતી/સુરક્ષા માટે (૨) મહિલાઓની સુરક્ષા માટે (૩) ટ્રાફીકની જાળવણી માટે તથા (૪) કોઈ પણ પ્રકારના કેફી દ્રવ્યો/ કેફી પ્રવાહી/કેફી પ્રદાર્થના સેવન કરેલ વ્યકિત ગરબાના આયોજનના સ્થળે અંદર ન પ્રવેશે તે માટે આયોજક તરફથી બે(૨) જવાબદાર વ્યકિત ફરજીયાત નિમવાના રહેશે, આ નિમેલ વ્યકિતઓ સાથે સંકલનમાં રહેવા માટે આપના પોલીસ સ્ટેશનના એક અધિકારી અથવા કર્મચારીને મેન્ટર તરીકે નિમવાના રહેશે જેથી સારુ સંકલન કરી શકાય.

**(૨)** ટિકીટ અથવા પાસ ધરાવતાં પાર્ટી પ્લોટ અને કલબ માટેના રાસ-ગરબાના કાર્યક્રમો માટે લાઉડ સ્પીકરની પરવાનગી પોલીસ સ્ટેશન તરફથી આપી શકાશે નહી, આવી પરવાનગી સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક (લાયસન્સ બ્રાન્ચ)ની કચેરીએથી જ આપવામાં આવશે. ટિકીટવાળા પાર્ટી પ્લોટ કે કલબો માટેના કાર્યક્રમો સબબની અરજી પોલીસ સ્ટેશનમાં મળ્યેથી તુરત જ તે અરજી પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીએ તેમના સ્પષ્ટ અભિપ્રાય સહિત વહેલામાં વહેલી તકે સંયુકત પોલીસ કમિશનરશ્રી,(ટ્રાફીક), પોલીસ કમિશનરની કચેરીએ મોકલી આપવાની રહેશે.

**(૩)** પોલીસ સ્ટેશન કે સંયુકત પો.કમિ.શ્રી (ટ્રાફીક)ની કચેરીએ લાઉડસ્પીકર પરવાનગીની દરેક અરજી સાથે સાઉન્ડ સિસ્ટમ ભાડે આપનાર કે ભાડે આપવા નક્કી થયેલ સાઉન્ડ સિસ્ટમનું સંપૂર્ણ વર્ણન તેમજ તેની સાથે મુકવામાં આવનાર વ્યકિતનું નામ, સરનામું અને ફોટો ઓળખ કાર્ડ તેમજ નોઇસ પોલ્યુશન (રેગ્યુલેશન અને કંટ્રોલ) રુલ્સ-૨૦૦૦ ની કલમ ૫(૨) જોગવાઇઓ પાલન કરવાની બાંહેધરી રજુ કરવાની રહેશે. સદર સાઉન્ડ સિસ્ટમને જે તે જગ્યાએ લાવવા લઇ જતા (વહન દરમ્યાન) તથા તેના ઉપયોગ દરમ્યાન સિસ્ટમ પડવા વિગેરેથી કોઇ ઘટના બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી આયોજકો તથા સિસ્ટમના માલિકની રહેશે. સિસ્ટમના વહન દરમ્યાન બનેલ ઘટનાના કિસ્સામાં જે તે વાહન ચાલકની પણ સંયુકત જવાબદારી રહેશે.

**(૪)** પોલીસ સ્ટેશન વિસ્તારમાં પરિસ્થિતિને ઘ્યાનમાં રાખીને નવરાત્રિ / દશેરાના તહેવાર દરમ્યાન માઇક તથા લાઉડસ્પીકરને ઉપયોગ કરવા નોઇઝ પોલ્યુશન (રેગ્યુલેશન અને કંટ્રોલ) રુલ્સ-૨૦૦૦ ની કલમ ૫(૨)(૩) ની જોગવાઇઓને આધીન રહી પરવાનગી આપવી.

**(૫)** આપના પોલીસ સ્ટેશન વિસ્તારમાં લાઉડસ્પીકરની પરવાનગી આપવામાં આવે ત્યારે, પરવાનગી પત્રની સાથે સુચનાઓનો પત્ર અરજદારને આપવાનો રહેશે તથા તે અંગે સમજ કરવાની રહેશે.

(૬) આયોજન સ્થળની બન્ને સાઇડ ૨૦૦ મીટર સુધી રોડ ઉપર ટ્રાફીક જામ ન થાય અને અડચણરુપ પાર્કિંગ ન થાય તેની જવાબદારી આયોજકોને સોંપવી. જો કોઈ બિનવારસી/શંકાસ્પદ વાહનો જણાઈ આવે, તો પોલીસને જાણ કરવા સમજ કરવી.

(૭) ગરબા કાર્યક્રમના આયોજકોએ ઇલેકટ્રીક ફીટીંગ યોગ્ય હોવા અંગેનું પ્રમાણપત્ર તથા ફાયર સેફટી અંગેની આયોજનની જરુરિયાત મુજબની સગવડ ફરજીયાત કરવાની રહેશે.

(૮) ગરબાના સ્થળે પાર્કિંગની વ્યવસ્થા વોલન્ટીયર્સ/સિક્યુરીટી ગાર્ડ મારફતે આયોજકોએ કરવાની રહેશે. પાર્કિંગ, રોડ ઉપર કે જાહેર જનતાને અડચણ રુપ થાય તે પ્રકારે થવુ જોઇએ નહિ.

(૯) ગરબા કાર્યક્રમોના આયોજકોએ પ્રાઈવેટ સિક્યુરીટી મારફતે પોલીસના સંકલનમાં રહી જરૂરી સુરક્ષા વ્યવસ્થા રાખવા જણાવવું. પાર્કિંગ અને કાર્યક્રમના સ્થળે જરુરિયાત મુજબ CCTV કેમેરા પૂરતી સંખ્યામાં ગોઠવવા આયોજકોને જણાવવું.

(૧૦) ગરબાના કાર્યક્રમની જગ્યાઓએ એકત્રિત થનાર જન સમુહની સાપેક્ષમાં Entry – Exit ગેટ અલગ અલગ રાખવા અને Entry / Exit દર્શાવતા બોર્ડ લગાવવા અને તેની આગળ કોઇ પાર્કિંગ ન કરે તે સુનિશ્ચિત કરવું.

(૧૧) આયોજકોની સાથે પોલીસની SHE Team ના સંકલનની વ્યવસ્થા કરવાની રહેશે જેથી મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

(૧૨) અત્રેની કચેરી દ્વારા ઇસ્યુ થયેલ તમામ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવો.

**બિડાણ :** નવરાત્રિ મહોત્સવ દરમ્યાન આયોજકો/વ્યવસ્થાપકોને આપવાની સુચનાનું પત્રક

COMMISSIONER OF POLICE A'BAD CITY

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર.

**પ્રતિ**

૧. પો.ઇન્સ.શ્રીઓ તમામ પો.સ્ટે.અમદાવાદ શહેર
૨. મ.પો.કમિ.શ્રી,એ થી એસ ડિવીઝન,અમદાવાદ શહેર
૩. ના.પો.કમિ,શ્રી.ઝોન ૧ થી ૭,અમદાવાદ શહેર

**નકલ રવાના :-**

૧. સંયુકત પો.કમિ,શ્રી. ક્રાઇમ,સેકટર-૧, ટ્રાફિક, અમદાવાદ શહેર
૨. અધિક પો.કમિ,શ્રી, સેકટર-૨, વિ.શાખા, અમદાવાદ શહેર

## નવરાત્રી મહોત્સવ દરમ્યાન આયોજકો/વ્યવસ્થાપકોને સુચના

1. સમગ્ર નવરાત્રિ મહોત્સવનું આયોજન સૌહાર્દપુર્ણ રીતે થાય તે જવાબદારી આયોજકોની રહેશે.
2. ગરબીની સ્થાપના તેમજ રાત્રિના ગરબાના કાર્યક્રમો જાહેર જનતાને અડચણ/અવરોધરુપ ન થાય તેવી જગ્યાએ દા.ત.: કોમન પ્લોટ, જાહેર ઉપયોગી જગ્યાઓ, ખાનગી પ્લોટ વિગેરે જગ્યાએ થાય તેની તકેદારી રાખવી.
3. મોટા ગરબાઓમાં એન્ટ્રી/એક્ઝીટ ગેટોની સંખ્યા વધુમાં વધુ કરવાની રહેશે. દરેક ગેટ પર સીસીટીવી તથા સીક્યુરિટીના માણસો રાખવાના રહેશે. ગરબા સ્થળના Entry અને Exit ગેટ અલગ-અલગ રાખવા તેમજ મહિલા-પુરુષોના Entry ગેટ અલગ રાખવા અને તે દેખાય તે રીતે માર્કિંગ કરવાનું રહેશે. ઇમરજન્સી ગેટ માટેના અલગ ગેટનુ આયોજન કરવુ.
4. ગરબાના કાર્યક્રમની જગ્યાઓએ (૧) લોકોની સલામતિ/સુરક્ષા માટે (૨) મહીલા સુરક્ષા માટે (૩) ટ્રાફીકની જાળવણી માટે (૪) કોઈ પણ પ્રકારના કેફી દ્રવ્યો/ કેફી પ્રવાહી/કેફી પ્રદાર્થના સેવન કરેલ વ્યકિત ગરબાના સ્થળે અંદર ન પ્રવેશે તે માટે આયોજક તરફથી સિક્યુરીટીના માણસોનુ સુપરવિઝન રાખવા બે જવાબદાર વ્યકિત ફરજીયાત નિમવાના રહેશે.અને તેઓના નામ/સરનામાં તથા મોબાઈલ નંબર સહીતની વિગત પો.સ્ટે.ખાતે આપવાની રહેશે.
5. ગરબાનું આયોજન થતું હોય ત્યાં પ્રવેશ દ્વાર પર ડૉરફ્રેમ મેટલ ડીટેક્ટર/હેન્ડ મેટલ ડીટેક્ટર તથા સિક્યુરીટી સ્ટાફ અને Breath Analyzer વગેરે રાખવા અને શંકાસ્પદ વ્યક્તિની શારીરિક ચકાસણી કરવી. કોઈપણ વ્યકિત નશાની હાલતમાં જણાય તો તાત્કાલીક પોલીસને જાણ કરવાની રહેશે. મહીલા સુરક્ષા કર્મચારી પણ સલામતી વ્યવસ્થા માટે રાખવા.
6. ગરબાના સ્થળની અંદર કોઈ પણ વસ્તુ નહી લઈ જવા દઈ, પ્રવેશ દ્વાર ખાતે ચેકિંગ કરી જવા દેવાય તેવી વ્યવસ્થા કરવી. આયોજકોએ ફોટા સહિતનું ઓળખપત્ર ધરાવતો જાણીતો સ્ટાફ રાખવો. જેથી અનધિકૃત વ્યકિત આયોજક તરીકે પ્રવેશી ન જાય કે ભાંગફોડીયા પ્રવૃત્તિ ન કરી શકે. પ્રવેશની જગ્યાએ તથા ગરબા રમાતા હોય ત્યાં ક્લોઝ સર્કીટ કેમેરા (AI based HD CCTV) લગાવવા તથા કેટલા કેમેરા ગરબાના કયા કયા સ્થળે લગાવેલા છે તેની વિગત આપવી. અસામાજીક તત્વો દ્વારા અનિચ્છનિય કૃત્ય ન થાય તેની ખાસ તકેદારી રાખવી. આવનાર તમામ વ્યકિતઓનું વ્યવસ્થિત ચેકિંગ થાય તે નિયત કરવાની જવાબદારી આયોજકની રહેશે.
7. ગરબાના ગ્રાઉન્ડ ઉપર કોઈ વ્યકિત બેગ કે બીજી વસ્તુ લઇને આવેતો પ્રવેશદ્વાર પાસે ટોકન આપી જમા લેવી. શંકાસ્પદ વસ્તુ લાગે તો ચકાસણી કરવી.
8. ગરબાનું આયોજન મોટાપાયે કરેલ હોય અને પ્રખ્યાત કલાકારો આવનાર હોય જેના લીધે ગરબા રમવા આવનાર વ્યકિતઓની સંખ્યા વધુ હોય તો વિશાળ વાહન પાર્કિંગ રાખવું. વાહન પાર્કિંગ અને ગરબાની જગ્યા વચ્ચે સુરક્ષિત અંતર રાખી, પાર્કિંગથી ગરબાના સ્થળના પ્રવેશદ્વાર સુધી યોગ્ય બેરીકેડીંગ રાખવી. ગરબાના સ્થળે ગરબામાં ભાગ લેનાર અને પ્રેક્ષકો વચ્ચે મજબુત બેરીકેડીંગ રાખવા તેમજ વાહન પાર્કિંગના સ્થળે ક્લોઝ સર્કીટ કેમેરા (HD CCTV) લગાવવા, પાર્કિંગ કરાવવા પુરતા માણસો રાખવાના રહેશે તેમજ અડચણરૂપ પાર્કિંગ ન થાય તે જોવાનુ રહેશે.
9. આયોજનના સ્થળે ફરજ બજાવતા તમામ સ્વયં સેવકો, ઇલેકટ્રીશીયન, સિક્યુરીટીના માણસો, સ્ટોલ ઉપરના માણસો, વિગેરેને ફોટાવાળું આઇડેન્ટીટી કાર્ડ આપવુ અને તેઓના નામ, સરનામા અને ફોન નંબરની માહિતી સ્થાનિક પોલીસને અગાઉથી પુરી પાડવી.
10. આયોજકોએ ગરબાના સ્થળની ક્ષમતા કરતા વધુ પ્રમાણમાં ટિકિટ/પાસનું વેચાણ/વિતરણ કરવુ નહી.

11.નવરાત્રિ ઉત્સવના પ્રવેશ પાસ ઇસ્યુ કરનાર વ્યક્તિના આયોજકે ઓળખ પ્રસ્થાપિત પુરાવા મેળવવાના રહેશે ( આધારકાર્ડ, ચુંટણી કાર્ડ, વિગેરે.) તથા તે અંગેનુ રેકર્ડ આયોજકોએ રાખવાનું રહેશે. જે પોલીસ સ્ટેશન દ્વારા માંગ્યે રજુ કરવાનું રહેશે.

12. ગરબા સ્થળે ઇલેક્ટ્રીક સિસ્ટમ માટે મેઇન્ટેનન્સ સ્ટાફ હાજર રાખવો અને કોર્પોરેશને નક્કી કરેલ નિયમો અનુસાર અગ્નિશામક સાધનો રાખવા. MCB/MILLB અવશ્ય લગાવવી. વિજળીનો પ્રવાહ બંધ થઇ જાય, તો મુશ્કેલી ઉભી ન થાય તે માટે સ્ટેન્ડ બાય જનરેટર રાખવુ.

13.કોઇપણ શંકાસ્પદ વ્યક્તિ ગરબામાં જણાય તો તાત્કાલિક સ્થાનિક પોલીસ અને સીટી પોલીસ કંટ્રોલ રૂમ (Dial - 112) ઉપર જાણ કરવી

14. ગરબાઓમાં કાર્યક્રમ માટે ઉભા કરવામાં આવતા મોટા સ્ટેજની મજબુતાઇ અંગે PWDના સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવવું, તેમજ સ્ટેજ નીચે શંકાસ્પદ વસ્તુઓ અંગે અવાર નવાર ચેકીંગ રાખવું. શંકાસ્પદ વસ્તુ જણાય, તો તાત્કાલીક સ્થાનિક પોલીસને જાણ કરવી અને તે વસ્તુથી લોકોને દુર રાખવા.

15.શામિયાણા બાબતે નવરાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરવાનું રહેશે.

16.ગરબાના આયોજન સ્થળે એકત્રિત થનાર જન સમુહ માટે જરુરી પ્રાથમિક સારવાર/મેડીકલ સુવિધાઓ ત્વરિત ઉપલબ્ધ બને તે રીતે વ્યવસ્થા ગોઠવવી તથા ગંદકે કે કોઇ રોગચાળો ન ફેલાય તે માટે જરૂરી કાર્યવાહી કરવી.

17.નવરાત્રિ રાસ–ગરબામાં અશ્લીલ પ્રોગ્રામ ન યોજાય તે બાબતે આયોજકોએ તકેદારી રાખવી.

18.આયોજકો નવરાત્રિ દરમ્યાન જાહેર સુરુચીનો ભંગ થાય કે ધાર્મિક લાગણી દુભાય તેવી ચેષ્ટાવાળા ગીતો વગાડી કે ગવડાવી શકશે નહી.

19.ખાનગી સિક્યુરિટીની મદદમાં ગરબાના આયોજકોએ પોતાના સ્વયં સેવકોને ખાનગી કપડામાં ગરબાના સ્થળ પાર્કિંગ અને આજુબાજુના વિસ્તારમાં શકમંદ હિલચાલ અંગે વોચ રાખવા માટે ગોઠવવા.

20.દરેક ગરબા આયોજકોએ ગરબાના સંચાલન બાબતે ભાગ લેનાર દરેક સભ્યને સુરક્ષાને લગતી સુચનાઓ આપવી અને તેની સમજ આપવી. કોઇપણ પ્રકારની અફવાઓને ઉત્તેજન આપવું નહી કે તેનું ચાલુ ગરબામાં માઇક સિસ્ટમ દ્વારા પ્રસારણ કરવું નહી. કોઇપણ અનિઇચ્છનીય બનાવ બને તો તાત્કાલિક સ્થાનિક આવેલ બંદોબસ્તની પોલીસને તેમજ કંટ્રોલ રૂમને જાણ કરવી.

21.ગરબાના સ્થળે ચારેય દિશામાં ચાર વોચ ટાવર ઉભા કરવા અને આ વોચ ટાવર ઉપરથી વિડીયો શુટીંગ દરરોજે દરરોજનું કરાવવાનું રહેશે અને કલોઝ સરકીટ વિડીયો કેમેરા લગાડવા તથા પોલીસ બંદોબસ્ત પોઇન્ટ ઉપરથી તેનુ નિરીક્ષણ કરી શકે તે રીતે તે જગ્યાએ ટી.વી ગોઠવવાના રહેશે.

22.આયોજકોએ તેમની હદના પોલીસ સ્ટેશનના તેમજ પો.સ્ટેના ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટરશ્રી ના તેમજ હોસ્પીટલના, ફાયર સ્ટેશનના અને પોલીસ કંટ્રોલ રૂમના ટેલીફોન નંબરો મેળવીને અવશ્ય રાખવાના રહેશે. ચીફ ફાયર ઓફીસર તરફથી ઇસ્યુ થયેલ એન.ઓ.સી. ની શરતોનું પાલન કરવાનું રહેશે.

23.દિવસ દરમ્યાન પણ ગરબાના સ્થળે જરૂરી સુરક્ષા વ્યવસ્થા ૨૪ કલાક કોઇપણ એક વોચ ટાવર ઉપર ચાલુ રાખવો.

24.નવરાત્રી દરમ્યાન માંગવામાં આવેલ મંજુરીવાળા સ્થળ ઉપર આયોજકો દ્વારા આયોજન વાળી જગ્યાએ રાજકીય કે બિન રાજકિય હોદેદારો/વ્યક્તિ દ્વારા વર્ગવિગ્રહ, સામાજીક ભાવનાઓ કે શાંતિ જોખમાય તેવુ કોઇપણ કૃત્ય ઉશ્કેરણીજનક ભાષણ/પોસ્ટર પ્રદર્શન કે અન્ય કોઇ પ્રવૃતિ કરવાની રહેશે નહી.

25.ગરબા સ્થળે એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવાની રહેશે તથા તેના આવવા જવા માટે ઇમરજન્સી ગેટની વ્યવસ્થા કરવાની રહેશે.

26.કાર્યક્રમ સ્થળ પર દિવ્યાંગ વ્યકિત / ઉંમરલાયક વ્યકિત / ગર્ભવતી મહિલા સુલભતાથી પહોચી શકે તે માટે જરૂરી વ્હીલચેર રેમ્પ, રેલીંગ, શૌચાલયની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ મુખ્ય દરવાજા ખાતે સરળતાથી જોઇ શકાય તેવા દિવ્યાંગ સાંકેતિક પ્રતિક લગાવવા તથા દિવ્યાંગ વાહન ચાલકને મુખ્ય પ્રવેશ દ્વાર પાસે પાર્કિંગ તથા દિવ્યાંગ વ્યકિતઓને પ્રથમ અગ્રિમતા આપવાની રહેશે.

27. ઘણી વખત ગરબાના મુખ્ય આયોજકો પોલીસ અધિકારી / કર્મચારીનો ફોન ઉપાડતા ન હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ થી ના વણસે તે બાબતે મુખ્ય આયોજકો દ્વારા તેમના 2-Contact Person નિમવા જે ગરબાના કાર્યક્રમ દરમ્યાન પણ પોલીસ અધિકારી / કર્મચારીફોન ઉપાડે.

28. ગરબા આયોજનના ૧૦ દિવસ દરમ્યાન કોઇ વી.વી.આઇ.પી ગેસ્ટ અથવા સેલિબ્રિટી આવવાના હોય તો તેની જાણ આયોજકોએ અગાઉથી સ્થાનિક પોલીસ સ્ટેશન અને અત્રેની કચેરી ખાતે કરવાની રહેશે.

29. ગરબા આયોજકોએ કોઇ પ્રખ્યાત કલાકાર બોલાવેલ હોય તો તેની માહિતી ઓનલાઇન અરજી કરતી વખતે કરવાની રહેશે.

30. ગરબા આયોજકોએ રાખેલ સિક્યુરીટી ગાર્ડ / બાઉન્સર સ્થાનિક પોલીસ સાથે કોઇ તકરાર ના કરે અને સંપુર્ણ સહકાર આપે તે બાબતે આયોજકોએ સિક્યુરીટી ગાર્ડ / બાઉન્સરને જરુરી સુચનાઓ આપવાની રહેશે.

31. ગરબા આયોજકોએ ગરબાના સ્થળે કાર્યરત ફુડ સ્ટોલ ધારક / ફુડ બિઝનેસ ઓપરેટર પાસે Food Safety and Standards act, 2006 તથા તે હેઠળના લાગુ નિયમો અને વિનિયમો મુજબ માન્ય FSSAI લાયસન્સ અથવા રજીસ્ટ્રેશન હોવું ફરજિયાત રહેશે. ગરબાના આયોજકે ફુડ સ્ટોલ ફાળવતાં પહેલાં સંબધિત સ્ટોલ ધારકનું FSSAI લાયસન્સ / રજીસ્ટ્રેશન ચકાસવાનું રહેશે, તેમજ તમામ ફુડ સ્ટોલ ધારકો દ્વારા ખાદ્ય પદાર્થોની તૈયારી, સંગ્રહ, પ્રદર્શન, પીરસવાની પ્રકિયા, વ્યકિતગત સ્વચ્છતા, શુધ્ધ પીવાનું પાણી, કચરાનો યોગ્ય નિકાલ તથા Food Safety and Standards (Licensing and Registration of Food Businesses) Regulations,2011ના Schedule-4 મુજબ સ્વચ્છતા અને સેનિટરી જોગવાઇઓનું પાલન કરવવાની જવાબદારી ગરબાના આયોજકોની રહેશે.

32. નવરાત્રિ ઉત્સવ દરમ્યાન અમદાવાદ શહેરમાં યોજાનાર રાસ ગરબાના સ્થળોએ **"રોડ સેફ્ટી એન્થમ"**ને કાર્યક્રમની શરુઆતમાં અથવા અંતમાં કે વચ્ચેના વિરામ સમયે જનજાગૃતિના ઉદ્દેશથી વગાડવાની વ્યવસ્થા ગરબાના અયોજકોએ કરવાની રહેશે જેની Link નીચે મુજબ છે.

https://drive.google.com/file/d/1AwSD80-3TAL9 Wsc2iXaHv6JWYpQpTp/view?
Usp=drive link

COMMISSIONER OF POLICE A'BAD CITY